રમેશ ઠક્કર

નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ટોળે વળી વસ્તી મળે, માણસ અહીં મળતો નથી,
પોતે જ પોતાને છળે, માણસ અહીં મળતો નથી.
ધોળાં દિવસમાં કેટલો અંધાર છે, કોને ખબર ,
ને રોશની પણ ઝળહળે,માણસ અહીં મળતો નથી.
દીવો બનીને રાહ ક્યાં ચિંધી શકે છે કોઈને,
દીવો તો ભીતરથી બળે,માણસ અહીં મળતો નથી.
શોધો શીખરમાં કે તળેટીમાં, કે શોધો ચોતરફ,
અહીં આ સ્થળે કે તે સ્થળે,માણસ અહીં મળતો નથી.

- દીપલ ઉપાધ્યાય "ફોરમ"

પાથેય

મન મેલું તન ઉજળાં...

આપણો ભ્રમ ઘણીવાર આગવો હોય છે ! કેટલીક આભાઓ આપણને ઘેરીને ઉભી રહે છે..માણસ ઈચ્છે તો પણ એ મોહપાશને છોડી શકતો નથી.આજકાલ તો આખી દુનિયા જ વર્ચ્યુઅલ બની બેઠી છે..લાગણીનો સહચાર જાણે કૃત્રિમ નસોનો એક પ્રવાહ બની ગયો છે..નેટના સહારે ટપકતી મૈત્રી પલકવારમાં ડીસકનેકટ થઈ જતી હોય છે..આભાસી સંબંધોનું એક લિસ્ટ આખોદિવસ હોંકારા પડકારા કરતું રહે છે..જેને કદી જોયા નથી એવા લોકોને લાગણીથી લથબથ કરવાનો એક વ્યર્થ ઉપક્રમ એટલે આધુનિક ચેટ..રોજ જેની સાથે વાતવાતમાં ભાતભાતની આપલે થતી હોય એવો માણસ રૂબરૂ મળે તો એમાં ઉષ્માની ઉણપ આપોઆપ ડોકાઈ જાય છે..કવિ સરસ કહે છે કે જે લોકો સતત સાદ દેતા રહે છે એ જયારે સામા મળે છે ત્યારે એટલા રસસભર નથી હોતા !

માનવીય લાગણીઓ અણમોલ હોય છે..કોઈને કોઈ પ્રસંગે આપણે એકબીજાના યાદ કરીએ કે શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરીએ ત્યારે એક નવી ઉર્જાનો સંચાર થતો હોય છે..આપણા સહુની આ એક તલાશ હોય છે..કોઈક પોતાને સ્નેહ આપે સાચો સહચાર આપે અને એ સતત આપે એવો એક આદર્શ માણસને હંમેશાં રાખવો ગમે છે.માણસને આવું ગમતું હોય છે..ભૌતિક ચીજો કે આધુનિક સુખસગવડો થકી જ સુખની અનુભૂતિ થાય એવું નથી..માણસને મળતો નિર્વ્યાજ સ્નેહ એને જીવાડે છે..

બિનશરતી માનવસંબંધોની અનોખી હૂંફ હોય છે..હમણાં એક સંશોધન થકી એવું જાણવા મળ્યું કે જે લોકો લાંબુ આયુષ્ય ભોગવે છે એમાં મહત્વનું પરિબળ એને મળતો કુટુંબપ્રેમ કે માનવપ્રેમ હોય છે..એકબીજાને ઉમળકાથી મળતો માનવ એ સાક્ષાત માધવ હોય છે..આપણે એને ખોટી જગ્યાએ શોધતા રહીએ છીએ. માધવ ક્યાંય નથી મધુવનમાં.એ છલકાય છે એકમેકના મનમાં..જગતમાં બોલબાલા પ્રેમીઓની જ હોય છે..ચાહત એ જ સૌ કોઈ માટે રાહત બની જાય છે.મજા એ છે કે માણસે માણસે એનો પ્રતિભાવ જુદો હોય છે..માનવ સ્વભાવ નીત નિરાળા બનીને વ્યક્ત થાય છે..એક જ વ્યકિતના બે ચહેરા હોય એવું ઘણા કિસ્સાઓમાં બને છે..અંદરથી કંઈક અલગ અને બહારથી પણ કંઈક અલગ જોવા મળતી માનવલીલા અકળાવે છે..માણસો રંગીન હોય એનો વાંધો ના હોઈ શકે પણ સતત રંગ બદલતો રહે એવા માણસથી ચેતવા જેવું હોય છે.

અનેક વૈભવોથી છલકાતાં શહેરોમાં માણસ એકાકીપણું અનુભવે છે. કયારેક ગુંગળાય છે..આપણી ગ્રામ સંસ્કૃતિમાં અનેક અભાવો વચ્ચે પણ માણસો લીલાછમ રહેતા..કેમકે એકબીજાને સહજ બોલાવવા કે લાગણી વ્યક્ત કરવી એ ગામડાઓમાં સ્વાભાવિક હતું..શહેરના આલીશાન બંગલામાં પરાણે પુરેલા વડિલો ગામડાના ગારમાટીના ઘરને યાદ કરતા હોય ત્યારે આપણને એમનો એ વલોપાત સમજાતો નથી..આપણે જયારે એવી નિર્દોષ લાગણીઓ ખુદ અનુભવીએ છીએ ત્યારે આપણે એનો એકરાર કરતા હોઈએ છીએ..જીવન જીવવાનું બળ આમાંથી મળે છે..કેટલાક મિત્રો દાયકા જુના હોઈ શકે .કેટલાક ઘણાં વર્ષો પહેલાં પરિચયમાં આવેલા એવા પણ હોઈ શકે..કેટલાક એકાદ મુલાકાતથી જ આત્મીય થઈ જાય..આ દરેકને એક તાંતણે બાંધતું તત્વ એ પ્રેમ છે..નિસ્વાર્થ પ્રેમની તોલે આવે એવું કોઈ સુખ હજુ માનવજાતને મળ્યું નથી એ હકિકત છે..જેને એ મળી જાય છે એ જ જગતનો સૌથી સુખી માણસ હોય છે.

સામાજિક અને સમસામાયિક વિષયો સાથે અમૂલ ગર્લનો હંમેશા અતૂટ નાતો રહ્યો છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'અકર્લી બકર્લી ડેલિસિયશ...' યાદ આવ્યું આ મનલુભાવન કમ્પોઝિશન સાડા પાંચ છ દાયકાઓથી વિજ્ઞાપનની દુનિયામાં ડંકો વગાડી રહેલી આ જાહેરાતના સર્જક સિલ્વેસ્ટર દાકુન્હા જૂન ૨૦૨૩માં આ દુનિયાને અલવિદા કરીને કાયમ માટે ચાલી નીકળ્યા. દાકુન્હા લોકોના દિલો દિમાગ ઉપર એમની ક્રિએટિવ એડ મેકરની છાપ હર હંમેશ માટે છોડીને ગયા. દાકુન્હાએ એમના જીવનકાળ દરમિયાન ઘણી વિજ્ઞાપનો તૈયાર કરી. 'અમુલ ગર્લ'ના સર્જને એમને અલગ ઓળખ અને ઊંચાઈ આપી. દાયકાઓ સુધી કોઈ પ્રોડક્ટની બ્રાન્ડ ઈમેજને બરકરાર રાખી લોકોના મન મસ્તિષ્કમાં બેસીને રાજ કરવા માટે આ સર્જકને સલામ મારવી પડે.

સિલવેસ્ટર દાકુન્હા ગેર્સન દાકુંહાના સગા ભાઈ છે. ગેર્સન દાકુન્હાનુ સિલ્વેસ્ટર દાકુન્હા પહેલા દેહાવસાન થયું. સિલ્વેસ્ટર દાકુન્હાની પત્ની નિશા અને પુત્ર રાહુલ છે. સિલ્વર દાકુન્હાના આર્ટ ડાયરેક્ટર ફર્નાન્ડિઝ યુસ્ટેસ હતા. જ્યારે પણ કોઈ કંપનીની બ્રાન્ડ ઈમેજ બિલ્ડઅપ કરવાની હોય ત્યારે ફર્નાન્ડિઝ અને સિલ્વેસ્ટર હંમેશા એ કંપનીના પ્રોડક્ટને લઈને કોઈને કોઈ વિષય ઉપર ગહન ચર્ચા કરવામાં મશગુલ રહેતા હતા. અમૂલની બ્રાન્ડ ઈમેજ ઊભી કરવા માટે પણ આ બે મહારથીઓએ કલાકો સુધી ચર્ચા વિચારણાઓ કરી હતી. પરિણામ સ્વરૂપે આર્ટ ડાયરેક્ટર ફર્નાડીઝ દ્વારા રચાયેલું અમુલ ગર્લનું પાત્ર જગ પ્રસિદ્ધ બની ગયું.

અકર્લી બકર્લી ડેલિસિયશવાળી 'અમૂલ ગર્લ' અમૂલ પ્રોડક્ટની બ્રાન્ડ ઈમેજ કેવી રીતે બની ગઈ, એની પાછળ પણ એક મજાની કહાની છે. આમ તો સૌથી પહેલા 'અકર્લી બકર્લી' આ બે શબ્દ જ લોકોને કઠતા હતા. એનું કારણ એ હતું કે, વ્યાકરણની દ્રષ્ટિએ આવા કોઈ શબ્દ જ ન હતા. જોકે શબ્દાનુંપ્રાસ અને કર્ણપ્રિયતા આગળ વ્યાકરણનું તુત લાંબુ ન ટક્યું. લોકોને 'અકર્લી બકર્લી' શબ્દોમાં મજા પડવા લાગી.

વર્ષ ૧૯૬૬માં તત્કાલીન અમૂલના વડા ડૉક્ટર વર્ગીસ કુરિયન અમૂલના ઉત્પાદનને ઘર ઘરમાં પહોંચાડવા માટેની યોજના વિચારતા હતા. ભારતમાં શ્વેત ક્રાંતિના જનક ડોક્ટર વર્ગીસ કુરીયને એ સમયે બોમ્બે એડવર્ટાઈઝિંગ અને સેલ્સ પ્રમોશન એજન્સીનો સંપર્ક કર્યો. ડૉક્ટર કુરિયને બોમ્બે એડવર્ટાઈઝિંગ એજન્સીના સિલ્વેસ્ટર દાકુન્હા સાથે એમની યોજના વિશે વિગતે ચર્ચા કરી.

૬૦ના દશકમાં ટેલિવિઝન અને પ્રિન્ટ મીડિયામાં જાહેરાતો આપવી ખૂબ મોંઘી અને ખર્ચાળ બાબત હતી. એમના પ્રાથમિક બજેટ અને ઉત્પાદનની ગુણવત્તા સંદર્ભે ડૉક્ટર કુરિયને દાકુન્હાને લંબાણપૂર્વક સ્પષ્ટ સમજ આપી હતી. દાકુન્હાએ ડોક્ટર કુરિયનના વિચારો બરાબર સમજીને અમુલ માટે આઉટડોર હોર્ડિંગ્સ દ્વારા ઝુંબેશ ચલાવવાની યોજના બનાવી. એ જમાનામાં ટેલિવિઝન અને પ્રિન્ટ મીડિયામાં જાહેરાત આપવા કરતા આઉટડોર હોર્ડિંગ્સ દ્વારા વિજ્ઞાપન પ્રમાણમાં ઓછી ખર્ચાળ હતી. દાકુન્હા અને યુસ્ટેસ ફર્નાડીઝ બંનેએ સાથે મળીને ઘણા મનોમંથન બાદ અમુલ ગર્લના અમરપાત્રનું સર્જન કર્યું. દાકુન્હાની ધર્મ પત્ની નિશાએ અટર્લી બટર્લી અમુલ ટેગ લાઈન તૈયાર કરી. આ ટેગ લાઈન પાછળથી હિન્દુસ્તાનની સૌથી યાદગાર ટેગ લાઈનો પૈકીની એક બની ગઈ.

અમુલ ગર્લના સર્જન બાદ ત્રણેક વર્ષો પછી સેલ્વેસ્ટર અને ગેર્સન બન્ને ભાઈઓએ સાથે મળીને દાકુન્હા કોમ્યુનિકેશનનો પ્રારંભ કર્યો. જેમાં અમુલ ગર્લના જુદા જુદા હાવ ભાવ સાથે અલગ અલગ કાર્ટુન્સ તૈયાર કરવામાં આવતા. દાકુન્હાના પુત્ર રાહુલે પિતા સિલ્વેસ્ટર દાકુન્હાની લેગસીને આજ પર્યંત સાચવીને એને આગળ ધપાવી છે.

અમૂલ ગર્લનું મેસ્કોટ અને 'અટર્લી બટર્લી'વાળુ સ્લોગન વર્ષ ૧૯૬૬માં સૌથી પહેલા મુંબઈના થોડા લેમ્પ પોસ્ટ ઉપર ઉતરવામાં આવ્યું હતું. એણે મુંબઈમાં લેમ્પ પોસ્ટ પર ઉતરતા વેત લાખો માતા-પિતા અને બાળકો સાથે સહજ નાતો કેળવીને એમની સાથે અદભુત તાલમેલ મિલાવવાનું શરૂ કરી દીધું. ડૉક્ટર કુરિયનની અપેક્ષા કરતાં પણ વધુ આ મેસ્કોટ અને સ્લોગન લોકોના દિલો દિમાગ ઉપર છવાઈ ગયા.

એક તરફ નેશનલ મલ્ટીનેશનલ પ્રોડક્ટના ખેરખાઓ ફિલ્મ, ટીવી તથા ખેલ જગતની સેલિબ્રિટીને તેમના હોર્ડિંગ્સ ઉપર ઉતારી કંપનીની બ્રાન્ડ ઈમેજ બિલ્ડઅપ કરવાનો ટ્રેન્ડ રાખતી હતી ત્યારે બીજી બાજુ સફેદ બેગ્રાઉન્ડમાં લાલ ટપકાવાળા ફ્રોકમાં નટખટ અમૂલ ગર્લ પ્રાસંગિક ઘટનાઓ સાથે તાલમેલ સાધીને એકદમ સરળતાથી અમૂલનો સંદેશો ઘર ઘરમાં પહોંચાડવાનું કામ કરતી હતી. અમુલ ગર્લ રમતગમતમાં કોઈ સિદ્ધિ મળી હોય તો તે કે પછી રાજકારણમાં કોઈ મોટી ઘટના બની હોય તો તે અથવા ફિલ્મમાં કોઈ મહત્વની વાત બની હોય તો તેની ઉપર ટીપ્પણી લઈને આવતી. ટૂંકમાં કોઈપણ સમસામયિક મોટી ઘટનાને અમુલ ગર્લ એની અનોખી અદા અને સરળ શૈલીમાં લોકો વચ્ચે લઈ જતી. અને હા, એ પણ બિલકુલ સમયોચિત અને સમયસર. લોકોને અમૂલ ગર્લની આ અદા બેહદ ગમવા લાગી.

આમ જોવા જઈએ તો અમુલ ગર્લ દ્વારા સરળ શૈલીમાં પ્રસંગોચિત ટીપ્પણીનો આઈડિયા સિલ્વર દાકુન્હાના પુત્ર રાહુલ દાકુન્હાનો છે. વર્ષ ૧૯૯૪માં રાહુલનો ૨૫મો જન્મદિવસ હતો. પિતા સિલવેસ્ટરે પુત્ર રાહુલને ૨૫મી વર્ષ ગાંઠે આ અભિયાન આગળ ધપાવવા માટેની મહત્વપૂર્ણ જવાબદારી એના હાથમાં સોંપીને બર્થ ડે ગિફ્ટ આપી. રાહુલે પિતા પાસેથી જવાબદારી સંભાળી તેના થોડા વર્ષોમાં એને લાગ્યું કે, માત્ર માખણ વિશે અને એના દેખાવ તથા ગુણની વાત કરવી હવે લાંબો સમય ચાલી શકે એમ નથી. એટલે એણે પ્રતિદિન એક સામાજિક વિષય સાથે અમુલ ગર્લને જોડવાનું નક્કી કર્યું.

રાહુલની ટીમમાં એ વખતે મનીષ ઝવેરી અને આર્ટિસ્ટ જયંત રાણે હતા. રાહુલના આ વિચારને કોપીરાઈટર મનીષ ઝવેરી અને આર્ટિસ્ટ જયંત રાણે બરાબર સમજીને સરસ રીતે અમલમાં મૂક્યો. એમણે રાજકારણથી લઈને રમત જગત, ફિલ્મોથી લઈને મહત્વની કોઈપણ ઘટના સુધીના તમામ પાસાઓને અમુલ ગર્લ સાથે વણી લીધા. રાહુલ, ઝવેરી અને રાણે દર સોમવારે નવી બનેલી ઘટનાઓ ઉપર વિચાર કરવા માટે ભેગા થતા. અને એના બીજા જ અઠવાડિયે અમુલ ગર્લ એ વિષય સાથે માર્કેટમાં નીકળી પડતી.

સિલ્વેસ્ટર દાકુન્હાની જનરેશન નેક્સ્ટ એટલે કે રાહુલ દાકુન્હા લોકોને સદાય હસતા રાખવાના ધ્યેય સાથે પ્રત્યેક કેમ્પઈન ડિઝાઈન કરે છે. રાહુલની વાતમાં દમ પણ છે જ્યારે તમારી વાતથી જો લોકોના ચહેરા પર સ્મિત ન આવે અને એમના હૃદયમાં ઉમંગ ન જાગે તો શા માટે તમારી વાતનો સ્વીકાર કરવા માટે એ પ્રેરાય? કોઈ ઔદ્યોગિક એકમના કોઈપણ ઉત્પાદનની વાત હોય કે વ્યક્તિની કોઈ અંગત વાત હોય મૂળ વાત તો સામેવાળા વ્યક્તિને ખુશ કરીને એના જીવનમાં જો કોઈ અંધકાર હોય તો તેમાં પ્રકાશનું એક નાનકડું કિરણ મોકલવાનો આશય હોય તો જ તમારી વાત સામેવાળાના હૃદયમાં ઉતારી શકાય.

ધબકાર :
કોઈપણ દેશના ચરિત્ર ખ્યાલ વિજ્ઞાપનો જોઈને આવી જાય છે.

આ ગુરુપૂર્ણિમાએ હું મને પ્રણામું છું

વિચારયાત્રા
ડો. જય ઓઝા

કેમ આશ્ચર્ય થયું ને ! આવું ગર્વિષ્ઠ આત્મશ્લાઘાયુક્ત વાક્ય ઉચ્ચારવાની આપણી મજાલ જ કેમ થાય.

પોતાની જાતને સ્વયં સિદ્ધ ગુરુ માની લેવાની મૂર્ખ વ્યક્તિ તરીકે સભ્ય સમાજ ભલે ઓળખ આપે. પણ હું મારા ઉપરોક્ત વાક્ય પર જ કાયમ રહેવાનો છું. અટલ રહેવાનો છું. આપણે બધા કેવા પામર મનુષ્ય છીએ. જીવનની ઘટમાળમાં બે છેડા ભેગા કરવામાં કેમેય કરીને ઊંચા ના આવનારા આપણે....

બાળકોની સ્કૂલની ફી, ઘરના હપ્તા, સગપણના સંબંધ સાચવવાના ચાંદલા, ફ્રીજના ઈએમઆઈ, licની પોલીસી, મેડીકલેમના પ્રીમિયમ અને શાકભાજી, લાઈટ બિલ, ટેલીફોન બિલ વચ્ચે અટવાતા આપણે.....

ક્યા રાજા ભોજ અને ક્યાં ગંગો તેલી. વેદાંતનું કે શાસ્ત્રોનું જરા પણ જ્ઞાન ન હોય તો વળી ગુરુપણું આપણને ક્યાંથી લાધે?

શું ભક્તોનું કે ઠગ-ભગતોનું મસ-મોટું ટોળું આપણી આહલેક વગાડતું રહે છે ? ગાદીપતિ જેવા કોઈક દરબાર આપણે ભરી શકતા નથી. આપણે રહ્યા માત્ર ધર્મ-પત્નીના એક માત્ર પતિ. બીજા કોઈના પતિ બનવાની ઔકાત ક્યાં છે ?

ભગવતીકુમાર શર્મા કહે છે તેમ –
અમે આંધી વચ્ચે તણખલાના માણસ
પીળા શ્વાસની ઘટનાના માણસ

આપણે બિલકુલ આવા માણસો છીએ. વિનોબાજીની ગીતા કે અષ્ટાવક્ર ગીતા કે બીજી કોઈ પણ ગીતા આપણે ક્યાં પચાવી જાણી છે? જરાય ટપ્પા પણ ક્યાં પડે છે. ભક્તિ યોગ સાંખ્ય યોગ બ્રહ્મચિત્ત સ્વરૂપ આત્મા દ્વૈત અદ્વૈત પ. ઓ હો હો ત્યાં બધા આફરો ચડી જાય તેવા શબ્દો માંડ સાંભળી શકાય કે ચાર પાંચ પ્રયત્ને માંડ બોલી શકાય તેમ છે - ત્યાં વળી આ બધાના અર્થ તો ક્યાંથી સમજી શકીએ.

ફટાણાના માણસ મરશિયાના માણસ
અમે વારસાગત સમસ્યાના માણસ

આપણી ચિરંજીવ સમસ્યાઓમાં અટવાતા મુંજાતા અથડાતા કુટાતા આપણે વળી શું ઉદ્ધાર કરવાના હતા વારંવાર આવતી મુસીબતોમાંથી જીવન જીવવાનો આયાસ કરનારા આપણે વળી ગુરુ ? ક્યારેય નહીં.

હા હા ઉપર જણાવેલી લાયકાત ના હોવા છતાં પણ આ ગુરુપૂર્ણિમાએ તો હું મને જ પગે લાગીશ. કારણ સાવ સાદું અને સરળ છે હું માત્ર મને પીછાણું છું બાકી બધા જ મારા બાહ્ય રૂપને જાણે છે. મારામાંનો હું તો હું જ જાણું છું.

આપણે જીવનની મુસીબત, આટાદાળના ભાવ અને જીવનની દડમજલની ફિકર હોવા છતાંપ અસહ્ય વેદનાના થપેડા હોવા છતાં બીજા દિવસે સવારે હસતા મોઢે ઉઠીને વાળી જિંદગી સામે હામ ભરવા તૈયાર હોઈએ છીએ. જે સ્વજન સ્નેહીઓ અકોણાવેડા રાખીને વગર કારણે આપણા પ્રસંગોમાં ફજેતો કર્યો હોય તેવા નગુણા લોકોને પણ વણદેખ્યા કરીને માત્ર પોતાની સંબંધ સાચવવાની ફરજ ચુકાઈ ન જાય તેનું ધ્યાન રાખનાર આપણે શું આત્મજ્ઞાની ન કહેવાઈએ ?

હંમેશા પૈસાની ભીંસ અને ખેંચમાં રહેતા હોઈએપ છોકરાઓની ફીથી માંડીને બિલોની ડ્યુ ડેટમાં અટવાતા રહેતા હોઈએ છતાંપણ રિશ્વત લઈને કોઈનું કામ ન પતાવી આપતા પ્રમાણિક માણસ તરીકે શું મારે ગીતાનો સિદ્ધાંત સમજવાની જરૂર ખરી ? બટકું રોટલામાંથી પણ બટકું કોઈના મુખમાં મુકવા જેટલી ભાવના જો આપણામાં રહેલી હોયપટાઢથી થરથરતા હોવા છતાં આપણાથી પણ ઓછા અંગ ઢંકાયેલ કોઈ બિચારા યાચક મળી આવે તો ચૂપચાપ સ્વેટર ઉતારીને આપી દેનારો મારોમાંનો હું શું વેદની ઋચાઓ ન બોલી શકતો હોવા છતાં સાચો યજ્ઞપુરુષ નથી ?

ધાબળા વહેંચવા જતી વખતે ફોટોગ્રાફરથી માંડીને લોકેશન બધું જ પહેલેથી નક્કી થયું ક્યાં મુજબ કોઈ સફેદ વસ્ત્રધારી ન હોવા છતાં સામાન્ય શર્ટ પેન્ટ પહેરેલો હું માત્ર કેળાવાળા ફેરીયાની રોતી દીકરી જમી શકે માટે તેની લારીમાં પડેલા બે ડઝન કેળા ભાવની કોઈ રકઝક વગર ખરીદી લેતો હોઉં તો શું પછી કોઈ ધાર્મિક પુસ્તકોના પઠન પાઠનની કે અનુષ્ઠાનોની જરૂર ખરી ? સામાન્ય માનવીની વેદનાને મારી સમજનાર એવો હું ગુરુપાણા માટે યોગ્ય નથી ?

મારા પરિવારને અને બાળકોને રોજ મારા સત્યરિત્રથી જ, મારા વ્યવહારથી જ જો હું સત્ય, ઇમાનદારી કે વફાદારીના ઉપદેશ આપી શકતો હોઉં તો શું મારે વ્યાસપીઠ પર ચડીને પ્રવચનો કરવાની જરૂર ખરી ? ના ના જરાય નહીં.

અહીં માત્ર મારે મારા જ ગુરુ બનવાની વાત કરવી છે. આખા સમાજને ઢોલ નગારા વગાડીને સંસ્કાર આસ્થા ચેનલ દ્વારા ઉપદેશ આપવાની વાત નથી. તું સ્વયં તારો ગુરુ થા. એ ન્યાય જો સ્વયં પ્રમાણિક હોઈએ, કર્મનિષ્ઠ હોઈએ રૂજુતા ધરાવનારા દયાળુ અને કરુણાસભર હોઈએ તો બહારથી કોઈ પણ અન્ય પાસેથી શા માટે આ બધું ખરીદવા જવું ?

રખે ને એવું માનતા કે ગુરુ પરંપરાના વિરોધની આ વાત છે પરંતુ અત્યારના સમયમાં જ્યાં ઠગભક્તો અને ઠગગુરુઓ જ ઝટ હાથમાં આવે છે, ત્યારે સાચા ગુરુની શોધ જ્યાં સુધી પૂરી ન થાય ત્યાં સુધી આપણે આપણા ગુરુ ખરા કે નહીં !

- jayuoza@gmail.com,
Mo.9898046488

મારી તમારી આસપાસ આવા વ્યક્તિઓ હોય છે, હશે જ, જેઓ જીવનને ખરા અર્થમાં ઝિંદાદીલીથી - મસ્તીથી જીવી જાય છે અને જીવનના અજવાળા રેલાવે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ધનંજયભાઈ ફુલ ઓફ હેપ્પીનેઓશથી જીવ્યા'

'આર્થિક રીતે નબળા પરિવારોની વિદ્યાર્થીઓને પ્રોફેસર તરીકે પિતાતુલ્ય વાત્સલ્ય આપીને શિક્ષણ આપ્યું. આત્મનિર્ભર બનાવી...'

'છેલ્લા થોડા વર્ષો બિમાર રહ્યા, સંગીતનો શોખ હતો, એટલે કહેતા કે, મારો ૭૫મો જનમદિવસ ૨૪ જડુન, ૨૦૨૩ના રોજ ઉજવવાનો છે, હું જીવતો હોઈશ તો રૂબરૂ નહિતર સુક્ષ્મ દેહે ત્યાં હાજર રહીશ....' આવા વ્યક્તિત્વના સ્વામીનું નામ શ્રી ધનંજય ભાસ્કરરાય પંડ્યા. જન્મ થયો મોરબી ગામમાં... મૂળ વતન ભાવનગર ગણાય અહીંના શ્રી ઈચ્છાશંકર કરૂણાશંકર પંડ્યાના તેઓ પૌત્ર હતા.

બાળપણ રાજકોટમાં વીતાવ્યું. વીરાણી સ્કૂલ રાજકોટમાં ભણ્યા. પછી અમદાવાદ આવ્યા અને અમદાવાદમાં જ સ્થાયી થયા. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજથી અંગ્રેજી વિષય સાથે બીએ., એમ.એ., એલ.એલ.બી. પણ કર્યું, ઉત્તમ વિદ્યાર્થી તરીકે સ્કોલરશીપ પણ મેળવી. એ સમયે આઈએએસ થવાની ઈચ્છા હતી, પરંતુ પરીક્ષા ન આપી. કારણ ? એમના મનમાં બરાબર એ સમયે એક ગાંઠ વાળી લીધી હતી કે શિક્ષણ ક્ષેત્રમાં જ જવું, યુવા શક્તિનું ઘડતર કરવું અને રાષ્ટ્ર નિર્માણમાં એ રીતે મહત્ત્વનું પ્રદાન કરવું.

અમદાવાદની સદગુણ આર્ટ્સ કોલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે કામ સ્વીકાર્યું, તે છેક ૨૦૦૭ના વર્ષમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી ત્યાં સુધી તેઓએ અંગ્રેજીના વિષય પર એક આદર્શ - અભ્યાસુ - તજજ્ઞ પ્રોફેસર તરીકે પોતાને અને વિદ્યાર્થીનીઓને સંતોષ થાય એવું કામ કર્યું. તેઓએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી ત્યારે આ નિવૃત્તિ લેવા પણ એમને સાથી મિત્રોએ સમજાવ્યા, પરંતુ તેઓ મન મક્કમ કરીને જ આ નિર્ણય પર આવ્યા હતા એટલે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને જ રહ્યા.

કોલેજમાં આવતી દીકરીઓને તેઓએ અંગ્રેજી વિષયમાં, લખવા- બોલવામાં એવી પારંગત કરી કે આજે એ વિદ્યાર્થીઓઓ સમાજજીવનમાં જયાં પણ છે ત્યાં એમના ધનંજય સરને આદરથી અચૂક યાદ કરે છે. પ્રોફેસર - વિદ્યાર્થીની કરતા વધુ બળત્તર સંબંધ એમની વચ્ચે એક માર્ગદર્શક - ગુરુ - પિતાતુલ્ય વાત્સલ્ય સ્વરુપનો અને દીકરીનો રહ્યો, પરિણામે એમની સ્મૃતિમાં યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આવી દીકરીઓ, જે તેમની પાસે ભણી હોય તે આવી હતી અને એમના સંસ્મરણો ભીની આંખો કહેતી હતી.

ધનંજયભાઈએ કોલેજમાં રહીને એનએસએસ ક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. નેશનલ એવોર્ડ પણ જીત્યા. નેશનલ કેમ્પ પણ બહુ કર્યા. આ સમગ્ર કારકિર્દીમાં એમના પત્ની ઉમાબહેને એમને ડગલેને પગલે સાથ-સહકાર આપ્યો અને પડખે ઊભા રહ્યા હતા.

અમદાવાદની અઢી દાયકા જુની ગ્રામોફોન કલબના કાર્યવાહક અને ધનંજયભાઈના પારિવારિક સ્વજન મિલન જોશી ધનંજયભાઈને કાર્યક્રમોની વીડિયો કલીપ મોકલતા. એમને ગમતી. છેલ્લા વર્ષો બિમારીમાં આ ગીતો સાંભળી ધનંજયભાઈએ ખાસ્સો સમય સંગીતથી સભર કર્યો. એ રસના કારણે જ ધનંજયભાઈએ પોતાનો ૭૫મો જન્મ દિવસ સંગીત સાથે ઉજવવા આયોજન કરાવ્યું. ઉમાબેને મિલન જોશીને કહ્યું અને અમદાવાદના ઉત્તમ કલાકારોએ ગીત-સંગીત - કોમેન્ટ્રી રજૂ કર્યા. આ નિમિત્તે મને પણ ધનંજયભાઈના સમગ્ર જીવનની વાત શ્રોતાઓ સુધી પહોંચાડવા મળી.

રાજકોટથી ધનંજયભાઈના શ્વસુર પક્ષના નિરાલા જોશી તથા પરિવારજનો, એ સમયે જેમણે કોલેજમાં - એનએસએસસીમાં કામ કર્યું એવા પ્રોફેસરો - વિદ્યાર્થીઓની સહકર્મચારીઓ ઉપસ્થિત અને સહુએ ધનંજયભાઈની કામ કરવાની શૈલીને બિરદાવી. ધનંજયભાઈએ, આઈઆઈએમ, એનઆઈડી, સેપ્ટ,સ્પીપા જેવી અનેક સંસ્થામાં કોમ્યુનીકેશન સ્કીલના પાઠ ભણાવ્યા હતા તેનું પણ સ્મરણ કરાયું.

તીથિ અનુસાર એમનો જન્મદિવસ હતો તે, દિવસે જ તેઓએ ૭૫ વર્ષની ઉંમરે તેમની જીવનલીલા સંકેલી લીધી અને પરિવારજનોને ઉમદા - મૂલ્યવાન જીવનના પાઠ હસતા હસતા શીખવતા ગયા.

મારી તમારી આસપાસ આવા વ્યક્તિઓ હોય છે, હશે જ, જેઓ જીવનને ખરા અર્થમાં ઝિંદાદીલીથી - મસ્તીથી જીવી જાય છે અને જીવનના અજવાળા રેલાવે છે.